મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૦૩-૦૨-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે

પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### ભારતીય પ્રવાસીઓ માટે રૂપિયા ૫૦, વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧૦ અને વિદેશી પ્રવાસીઓ માટે રૂપિયા ૩૦૦ ફી નિર્ધારિત કરવામાં આવી

# વડનગર આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમન જાહેર જનતા માટે ખલ્લું મુકાયું : મુલાકાત બાદ આનંદ વ્યકત કરતા મુલાકાતીઓ










(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે ગત ૧૬ જાન્યુઆરીના રોજ 'આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ મ્યુઝિયમ આજે જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેનો લાભ આજથી જ પ્રવાસીઓ મુલાકાત લઈ રહ્યા છે.

મ્યુઝિયમ અંગે વિસ્તૃત વિગત આપતા ગાંધીનગર પુરાતત્ત્વ સંગ્રહાલયના નિયામકશ્રી પંકજ શર્મા જણાવે છે કે વડનગર ખાતે અનુભવાત્મક સંગ્રહાલય તૈયાર કરવામાં આવ્યું છે. જે વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને દર્શાવે છે. અલગ અલગ ૯ થીમેટિક ગેલેરીમાં વડનગરના ઈતિહાસને દર્શાવવામાં આવ્યો છે.

વધુમાં તેઓ કહે છે કે આ મ્યુઝિયમનું લોકાર્પણ ગત ૧૬ જાન્યુઆરીના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. પરંતુ આજે આ મ્યુઝિયમને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં ૨૫૦ જેટલા મુલાકાતીઓએ આ મ્યુઝિયમની મુલાકાત લઈ લીધી છે અત્યારે ૨૫-૨૫ના ગ્રુપમાં એન્ટ્રી આપવામાં આવી રહી છે જેથી મુલાકાતીઓ મ્યુઝિયમને સારી રીતે જોઈ શકે અને વડનગરની સંસ્કૃતિ, નિરંતરતાને જાણી શકે અને માણી શકે.

એન્ટ્રી ફી વિશે વાત કરતા નિયામકશ્રી જણાવે છે કે મ્યુઝિયમમાં ભારતીય પ્રવાસીઓ માટે રૂપિયા ૫૦ ફી નક્કી કરવામાં આવી છે અને વિદેશી પ્રવાસીઓ માટે રૂપિયા ૩૦૦ ફી નિર્ધારિત કરવામાં આવી છે જ્યારે વિદ્યાર્થીઓ માટે ફી રૂપિયા ૧૦ નક્કી કરવામાં આવી છે.



**પ્રથમ દિવસે આ મ્યુઝિયમ જોવાનો અમને અવસર મળ્યો તે અમારા માટે એક લ્હાવોઃ -વૈભવ દવે- જામનગર (મુલાકાતી)**

મ્યુઝિયમ વિશે વાત કરતા નિયામકશ્રી જણાવે છે કે ૯ ગેલેરીમાં ગાઈડો મૂકવામાં આવ્યા છે તેમજ ઓડિયો ગાઈડની પણ સુવિધા આપવામાં આવી છે. શરૂઆતમાં ત્રીહિંર્ક્રૈહ ગેલેરીમાં વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે કે મ્યુઝિયમમાં ક્યાં કઈ વસ્તુઓ દર્શાવવામાં આવી છે. ઓડિયો ગાઈડ ઓટોમેટીક ટ્રીગર્ડ છે. જે સેન્સર પોઈન્ટ થકી શરૂ થઈ જશે. જે ગેલેરીમાં પ્રવાસીઓ હશે ત્યાંની વિસ્તૃત વિગતો તેમને ઓડિયો ગાઈડ થકી મળતી રહેશે. આ મ્યુઝિયમમાં ઓડિયો ગાઈડ અને ઓડિયો વિઝ્યુઅલ થકી પ્રવાસીઓની જર્ની એક્સપિરિયન્સલ જર્ની બનશે.


અત્રે ઉલ્લેખનીય છે કે આ મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. એકવીસમી સદીના આરંભે વડનગરમાં થયેલા ખોદકામમાં આઈઆઈટી ખડગપુર, આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અને અન્ય સંસ્થાઓના વૈજ્ઞાનિકોએ માનવ વસાહતના પુરાવા શોધ્યા છે, જે હવે મ્યુઝિયમના મુખ્ય આકર્ષણ તરીકે પ્રસ્તુત થશે.

આ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રાજ્યના ડિરેક્ટોરેટ ઓફ આર્કિયોલોજી અને મ્યુઝિયમના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમનો ઉદ્દેશ્ય અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે. આ મ્યુઝિયમને પુલ મારફતે ખોદકામની લાઈવ સાઈટ સાથે જોડવામાં આવ્યું છે.

## મુલાકાતીઓના પ્રતિભાવો



મ્યુઝિયમની મુલાકાત લીધા બાદ મુંબઈના જૈસીલ મોદી પ્રતિભાવ આપતા જણાવે છે કે અમારું મૂળ વતન વડનગર છે પણ અમે મુંબઈમાં રહીએ છીએ. હાલ મુંબઈથી વડનગર એક ફંક્શનમાં આવ્યા છીએ ત્યારે અમને જાણકારી મળી કે આજે વડનગર મ્યુઝિયમ લોકો માટે ખુલ્લું મૂકવામાં આવી રહ્યું છે તો અમે પરિવાર સાથે આજે આ મ્યુઝિયમ જોવા માટે આવ્યા છીએ અમે બહુ ઓછો સમય વડનગરમાં રહ્યા છીએ. મમ્મી પપ્પા પાસે માત્ર વડનગરની વિવિધ સ્ટોરીઓ સાંભળી છે, વડનગરમાં ફરી નથી શક્યા અને અહીંના પુરાતન વિશે માત્ર સાંભળ્યું છે પણ આજે આ મ્યુઝિયમ દ્વારા અમને ઘણી નવી વસ્તુઓ અને વડનગરના ઇતિહાસ અને સંસ્કૃતિ વિશે જાણકારી મળી. વધુમાં જૈસીલ મોદી જણાવે છે કે અમે ઘણા મ્યુઝિયમની મુલાકાતો લીધી છે પણ આ મ્યુઝીયમ કંઈક અલગ જ છે અહીં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને વિરાસતને દર્શાવવામાં આવી છે. વડનગરના ઇતિહાસને બહુ સારી રીતે દર્શાવવામાં આવ્યો છે. સાથે કલા સંસ્કૃતિ વિશે પણ સારી જાણકારી આપવામાં આવી છે. આજે અમને મ્યુઝિયમ જોયા બાદ ખૂબ આનંદ થઈ રહ્યો છે.



જૈશીલના મમ્મી રમીલાબેન મોદી જણાવે છે કે આજે મ્યુઝિયમ લોકો માટે ખુલ્લું મુકાયું છે એવી અમને ખબર પડી તો અમારી ટ્રેનનો સમય હતો તેમ છતાં આ મ્યુઝિયમ જોવા માટે રોકાયા છીએ. આ મ્યુઝિયમ જોયા વગર જવું નથી એવી મારી ઈચ્છા હતી અને આજે આ મ્યુઝિયમ જોયું તો ખૂબ સારું લાગ્યું આજે આ વિસ્તારનો વિકાસ જોઈને પણ ખૂબ આનંદ થઈ રહ્યો છે.



બીજા એક પ્રવાસી જામનગરના વૈભવ દવે જણાવે છે કે આજે પ્રથમ દિવસે આ મ્યુઝિયમ જોવાનો અમને અવસર મળ્યો તે અમારા માટે એક લ્હાવો છે. આ ક્ષણ અમારા માટે ખૂબ આહલાદક છે .વડનગર જેવા નાના શહેરમાં આટલું મોટું પૌરાણિક સ્થળ છે તેનું મહત્વ લોકો સુધી પહોંચે અને તેને ઉજાગર કરવા માટે ટેકનોલોજીના સંયોગ સાથે અને આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રીયલએસ્ટિક બનાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે ખૂબ સારો છે અને આ જોવાનો અમારો અનુભવ ખૂબ જ સારો રહ્યો છે. વધુમાં તેઓ કહે છે ખરેખર જે ઉદ્દેશ સાથે આ મ્યુઝીયમ બનાવવામાં આવ્યું છે અને આપણો વારસો વધુ સારી રીતે લોકો સુધી પહોંચી શકે અને લોકો તેને જાણી શકે તે ખરા અર્થમાં સાર્થક થશે.

બીજા મુલાકાતી રુશાલીબેન પટેલ જણાવે છે કે અમે વડનગર કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છીએ આજે આ મ્યુઝિયમ જોવાનો અમને મોકો મળ્યો અને આ મ્યુઝીયમમાં ખૂબ જાણવા જેવો ઈતિહાસ બતાવ્યો છે. અહીંયા ખૂબ સારું આધુનિક મ્યુઝિયમ બનાવ્યું છે, જેના દ્વારા અમને ઘણું જાણવા મળ્યું છે. આ મ્યુઝિયમમાં ઇતિહાસ વિશે સારી માહિતી આપવામાં આવી છે અને ગાઈડો પણ ખૂબ સારી રીતે સમજાવી રહ્યા છે. અહીંથી મને વડનગર વિશે ઘણું નવું જાણવા મળ્યું જેની મને ખૂબ મજા આવી.

---

### પર્યાવરણ જાગૃતિ માટે અનોખી પહેલ

## મહેસાણાના ૬૦ વર્ષથી વધુ ઉંમરના પાંચ વૃદ્ધ સાયકલ યાત્રા પર પ્રદુષણ મુક્ત ભારતનો 'સંદેશ' ફેલાવશે



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

પર્યાવરણ જાગૃતિ માટે એક અનોખી પહેલ સામે આવી છે, જેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના પાંચ વૃદ્ધ સાયકલ યાત્રા પર નીકળ્યા છે. આ યુવા મનના વૃદ્ધો કાશ્મીરથી કન્યાકુમારી સુધીની ૪૦૦૦ કિલોમીટરની લાંબી સફર ખેડશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદૂષણ મુક્ત ભારતનો સંદેશ ફેલાવવાનો છે.

આ અનોખી પહેલના સભ્યોએ જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રદૂષણની સ્થિતિ એટલી ગંભીર બની છે કે માછલીઓના પેટમાંથી પણ પ્લાસ્ટિક મળી રહ્યું છે. તેમના મતે, પર્યાવરણની રક્ષા માટે માત્ર સરકારી પ્રયાસો પૂરતા નથી, પણ દરેક નાગરિકે પોતાનું યોગદાન આપવું જરૂરી છે.

તેઓ સાયકલ યાત્રા દ્વારા બે મહત્વપૂર્ણ સંદેશ આપવા માંગે છે - એક તો પર્યાવરણની જાળવણી અને બીજું સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ. તેમના મતે, સાયકલનો ઉપયોગ ન માત્ર પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ થાય છે, પરંતુ વ્યક્તિગત સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. આ યાત્રા દરમિયાન તેઓ વિવિધ સ્થળોએ લોકોને પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ અંગે જાગૃત કરશે.

---

### આલાપ ઈંગ્લિશ એકેડમીના સંચાલક સામે છેતરપિંડીની ફરિયાદ

## વિસનગરમાં વિદેશ મોકલવાના બહાને યુવતિ પાસેથી એકેડમીના સંચાલકે રૂપિયા ૮.૪૦ લાખ ખંખેરી લીધા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

વિસનગર શહેરમાં વિદેશ મોકલવાના નામે યુવતી સાથે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. આલાપ ઈંગ્લિશ એકેડમીના સંચાલક હેમાંગ કંસારા સામે યુવતીએ ૮.૪૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

મૂળ પંજાબના ગુરદાસપુર જિલ્લાની અને હાલ વિસનગરમાં રહેતી આરતી શર્માએ વર્ષ ૨૦૨૨માં આલાપ ઈંગ્લિશ એકેડમીમાં ઈન્જી માટે એડમિશન લીધું હતું. આ દરમિયાન સંસ્થાના માલિક હેમાંગ કંસારાએ તેને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી હતી. આરોપીએ ૮થી ૯ લાખનો ખર્ચ જણાવ્યો હતો, જેના આધારે યુવતીએ વિશ્વાસ મૂકીને અલગ-અલગ હપ્તામાં કુલ ૮,૪૦,૫૦૦ રૂપિયા ચૂકવ્યા હતા.

લાંબા સમય સુધી વિઝા ન મળતા યુવતીએ પૈસા પરત માંગ્યા હતા, જેમાંથી આરોપીએ માત્ર ૧.૨૫ લાખ રૂપિયા ચેકથી પરત કર્યા હતા. બાકીના નાણા માટે યુવતીએ વારંવાર રજૂઆત કરી હતી, પરંતુ આરોપીએ સ્પષ્ટ જણાવી દીધું કે બાકીના પૈસા નહીં મળે અને તમારાથી જે થાય તે




કરી લો. દરમિયાન એક અન્ય યુવક સાથે પણ આવી જ છેતરપિંડી કરી હોવાની વિગતો સામે આવી છે.

આ સમગ્ર મામલે આરતી શર્માએ વિસનગર શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હેમાંગ કંસારા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

---

## મહેસાણા મનપા દ્વારા મોઢેરા રોડ પરના ૧૭૦ જેટલા વેપારીઓને દબાણો દુર કરવા માટે નોટીસ અપાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણામાં રાધનપુર રોડ પર મોટાપાયે દબાણ હટાવ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા શનિવારે મોઢેરા રોડ પર વધુ ૧૭૦ જેટલા વેપારીઓને ઓટલા, શેડ સહિતનાં દબાણો દૂર કરવા નોટિસો અપાઈ હતી. ઉલ્લેખનીય કે, બે દિવસમાં મોઢેરા રોડ પર કુલ ૩૩૦ દબાણકારો એવા વેપારીઓને નોટિસ અપાઈ છે.મહાનગરપાલિકા દ્વારા રાધનપુર રોડ પર દબાણ હટાવવાની કામગીરી કર્યા બાદ શુક્રવારે મોઢેરા રોડ પર દબાણ કરીને બેઠેલા વેપારીઓને નોટિસ આપવાની શરૂઆત કરાઈ હતી. પ્રથમ દિવસે મોઢેરા ચોકડીથી નિરમા ફેક્ટરી સુધી ૧૬૦ વેપારીઓને, જ્યારે શનિવારે નિરમા ફેક્ટરીથી બાયપાસ રોડથી લઈને સામેના રોડ પર અવસર પાર્ટી પ્લોટ સુધી સાંજ સુધીમાં ૧૭૦ વેપારીઓને નોટિસ આપી તેમના ઓટલા, શેડ અને પાળીઓ સહિતનાં દબાણો દૂર કરવા જણાવ્યું છે.

---

### ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને અન્ય પદાધિકારીઓ દ્વારા બેઠકમાં કરાઈ હતી માગણી

## મહેસાણામાં ખારી નદીને સમાંતર રોડ બનશે : રોડ બનાવવા માટે ડીપીઆર ની કામગીરી શરૂ કરી દેવાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા શહેરની વધતી જતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં ખારી નદીને સમાંતર નવો રોડ બનાવવામાં આવશે, જેના માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ માટે સ્થાનિક ધારાસભ્ય મુકેશ પટેલે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી.



ફાઈલ તસ્વીર

શહેરની ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય અને અન્ય પદાધિકારીઓએ બેઠક યોજી હતી, જેમાં ખારી નદીને સમાંતર રોડ બનાવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્તને મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે હાલમાં ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ રોડ બન્યા બાદ શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે અને નાગરિકોને અવરજવરમાં સરળતા રહેશે.




# જેલોની દશા સુધારવાની પહેલ

હાલમાં જ ભારતીય જેલો માટે એક સારા સમાચાર આવ્યા હતા. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમને આ વખતે સામાન્ય બજેટમાં દેશના ગરીબ કેદીઓ માટે વિશેષ એલાન કર્યું છે. તેમણે જેલોમાં કેદ ગરીબ કેદીઓ પર લગાવવામાં આવેલ દંડ અને જામીન પર આવનારા ખર્ચના પૈસા સરકાર તરફથી આપવાની જાહેરાત કરી છે. નાણાંમંત્રી અનુસાર, જેલોમાં બંધ ગરીબ કેદીઓને જામીન લેવા માટે જે પણ ખર્ચ કરવો પડશે, તેને સરકાર વહન કરશે. એ મહત્ત્વપૂર્ણ છે કે મોડે મોડે પણ સરકારે જેલોમાં મોટી સંખ્યામાં બંધ ગરીબ કેદીઓનું ખાસ ધ્યાન રાખ્યું.

યાદ રહે કે દેશભરની જેલોમાં હજારો એવા કેદીઓ બંધ છે, જેમની પાસે જામીન લેવા માટે કે એના પર લગાવવામાં આવેલ દંડની રકમ ચૂકવવા માટેના પૈસા નથી, જ્યારે તેમની કેદની અવધિ કાં તો પૂરી થઈ ગઈ હોય છે કે પછી તેઓ વિચારાધીન છે. એનાથી બહેતર બીજું કશું ન હોઈ શકે કે એવા કેદીઓ માટે ભારત સરકારે મદદનો હાથ લંબાવ્યો છે. એ પણ ઉલ્લેખનીય છે કે બજેટના ઠીક પહેલાં દિલ્હીમાં પૂરી થયેલી તમામ રાજ્યોના પોલીસ અને અર્ધસૈનિક સંગઠનોના પ્રમુખોની વાર્ષિક સુરક્ષા બેઠકમાં પણ જેલોની સ્થિતિ ચર્ચામાં રહી હતી. જોકે એ વાત પર પણ જોર અપાઈ રહ્યું છે કે પોલીસ નાના અપરાધો પર પણ એટલું જ ધ્યાન આપે, જેટલું કે મોટા અપરાધો પર, પરંતુ સાથે જ જેલમાં પહોંચી ગયેલા લોકો માટે જેલોનું મજબૂત અને માનવીય, બંને હોવું જરૂરી છે. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જેલોનાં સારાં કામોને બાહ્ય દુનિયા સાથે વહેંચવા પર ભાર મૂક્યો. ભારતની લગભગ ૧૪૦૦ જેલોમાં સંગઠનાત્મક અને વ્યાવહારિક બદલાવની ચર્ચાઓ વચ્ચે નોર્વેની રાજધાની ઓસ્લોની જેલનો ઉલ્લેખ પ્રાસંગિક લાગે છે. તેનાથી કેટલી વાતો શીખી શકાય છે. ઓસ્લોની આ જેલ શહેરની વચ્ચોવચ હોવા છતાં પણ ક્યાંકથી જેલનો કોઈ આભાસ નથી થવા દેતી. જેલના મુખ્ય દ્વાર સામેથી રોજની કેટલીય ગાડીઓ આવતી-જતી હોય છે, લોકો પણ પસાર થતા હોય છે. જેલના મુખ્ય દરવાજામાં ઘણું ખુલ્લાપણું છે, ભારતીય જેલોથી બિલકુલ અલગ. ત્યાંની જેલમાં આ સમયે કુલ ૧૨૫ બંદી છે એ ૧૦૮નો જેલ સ્ટાફ એટલે કે અનુપાત લગભગ સરખો છે. ભારતની કોઈપણ જેલમાં આવું હશે એવું કલ્પી નથી શકાતું. જેલના રિસેપ્શન સુધી જવાના રસ્તામાં ચાર અલગ-અલગ રંગોની લાઈનો દેખાય છે જમીન પર રંગોનાં અલગ-અલગ સંયોજનને જોઈને એ સમજાય છે કે તેની પાછળ કોઈ કારણ હશે.

જેલ અધિકારીઓ જણાવે છે કે આ આપદા સમયની લાઈનો છે. પોલીસ જે લોકોને જેલ સુધી લાવે છે અને જે લોકો જેલમાંથી છૂટા થાય છે, તે બંને આ હિસ્સાથી પસાર થાય છે. ત્યાંની જેલમાં કુલ ૧૧ યુનિટ્સ છે. તેમાંથી એક યુનિટ ડ્રગ્સ સાથે જોડાયેલા કેસોનું છે. નોર્વેમાં જેલને ફિંગલ કહેવામાં આવે છે. ઓસ્લોની એ જેલ ૧૮૫૨માં બની હતી. આ સમયે ત્યાં લગભગ ૭૦ ટકા બંદી એવા છે, જે જેલમાં પોતાની સજા ભોગવી રહ્યા છે અને ૩૦ ટકા એવા છે, જે જેલની બહાર છે અને પોતાની સજાની રાહ જોઈ રહ્યા છે. તેઓ જેલની અંદર ત્યારે જશે, જ્યારે જેલની અંદર જગ્યા થશે. તેને તેમનો 'વેઈટિંગ પીરિયડ' કહેવામાં આવે છે. એટલે કે જેલમાં ક્ષમતાથી વધુ કેદીઓની કોઈ સમસ્યા ત્યાં જોવા નથી મળતી. એટલું જ નહીં, આદતવશ અપરાધીઓને છોડતી વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવે છે કે ગુપ્તચર એજન્સીઓ એના પર નજર રાખે.

એવા અપરાધીને બે તૃતિયાંશ સજા પૂરી કરી લીધી બાદ જ જેલમાંથી બહાર નીકળવાનો મોકો મળે છે, પરંતુ જો તેઓ ફરીથી અપરાધ કરે છે તો તેમને ફરીથી સજા થઈ જાય છે. જેલમાં બંદીઓ માટે યુનિફોર્મની કોઈ જોગવાઈ નથી. સામાન્ય રીતે જેલમાં બંદી ૧૪૦ દિવસ ગુજારે છે. વિદેશી બંદીઓ માટે કેટલી વાર આ સમયમર્યાદા વધી જાય છે અને તે ત્રણ વર્ષ સુધી થઈ જાય છે. કિશોર અપરાધી સામાન્ય રીતે એક દિવસથી વધારે સમય માટે જેલમાં નથી રાખવામાં આવતા. નોર્વેની કોઈપણ જેલમાં મહિલાઓ અને પુરુષોની સાથે બાળકોને રહેવાની અનુમતિ નથી. એવું ભારતમાં નથી થતું, ભારતમાં મા અને પિતા પોતાની સાથે ઈચ્છે તો છ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને જેલમાં રાખી શકે છે. આ જ રીતે નોર્વેમાં ફાંસીની પણ જોગવાઈ નથી. એ જ કારણ છે કે કોઈપણ જેલમાં ફાંસી ઘર જોવા નથી મળતું. કેદીઓ દ્વારા બનાવવામાં આવેલ વિભિન્ન સામાનોના વેચાણ માટે બહાર મૂકવામાં આવે છે. તેનાથી જે સંસાધન એકત્ર થાય છે, તેને જેલ પર જ ખર્ચ કરીને ત્યાં સુવિધાઓ વધારવામાં મદદ મળે છે.


**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## 'જળપ્લાવિત' ક્ષેત્રમાં ગુજરાત રાજ્યની વિશેષ સિદ્ધિ

# દેશના તમામ વેટલેન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો, જે અન્ય રાજ્યો કરતા સૌથી વધુ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨

ગુજરાત વિવિધ વેટલેન્ડ્સ સ્વરૂપે અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે, જે રાજ્યના પર્યાવરણીય સ્વાસ્થ્ય, જૈવવિવિધતા અને અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશ પટેલના નેતૃત્વમાં કુદરતી સંસાધનોના સંવર્ધનના પરિણામે દેશના તમામ વેટલેન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો છે, જે અન્ય રાજ્યો કરતા સૌથી વધુ છે.



ગુજરાતના વેટલેન્ડ્સ ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે ગુજરાતના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે. સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ISRO, ૨૦૨૧ દ્વારા ભારતીય વેટલેન્ડ્સના અવકાશ આધારિત અવલોકન મુજબ, ગુજરાતમાં કુલ ૧૭,૬૧૩ વેટલેન્ડ્સ છે, જે કુલ ૩,૪૯૯,૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે. તેમાં મુખ્યત્વે અંતરિયાળ-કુદરતી વેટલેન્ડ્સ, અંતરિયાળ-માનવ નિર્મિત વેટલેન્ડ્સ, દરિયાકાંઠાના માનવ નિર્મિત વેટલેન્ડ્સ ઉપરાંત દરિયાકાંઠાના કુદરતી વેટલેન્ડ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહત્તમ ૬૭ ટકા વિસ્તાર ખાડીઓનો, ત્યારબાદ ૪૬.૮ ટકા વિસ્તાર કળણો, ૯૧.૬ ટકા સોલ્ટ માર્શ અને ૭૫.૫ ટકા વિસ્તાર મીઠાના અગરો ધરાવે છે.

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં તા. બીજી ફેબ્રુઆરીએ 'વર્લ્ડ વેટલેન્ડ ડે' ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષયવસ્તુ 'પ્રોટેકટીંગ વેટલેન્ડ ફોર અવર કોમન ફ્યુચર× એટલે કે, આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ નક્કી કરવામાં આવ્યું છે.

### મહત્વની રાષ્ટ્રીય વેટલેન્ડ્સ

**MoEFCC દ્વારા NWCP પ્રોગ્રામ હેઠળ ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાં આવેલી છે. વધુમાં, ગુજરાતમાં ૧૯ વેટલેન્ડ્સ છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા વિસ્તારો તરીકે ઓળખાય છે.**

### રામસર સાઇટ્સ

**ભારતની કુલ ૮૫ રામસર સાઇટ્સમાંથી ચાર રામસર સાઇટ્સ ગુજરાતમાં આવેલી છે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલેન્ડનો સમાવેશ થાય છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કન્ઝર્વેશન રિઝર્વ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય, કચ્છનું મોટું રણ-કચ્છ રણ અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે.**

### વેટલેન્ડ સંરક્ષણમાં ગીર ફાઉન્ડેશનનું યોગદાન

**ભારતના દરેક રાજ્યમાં સ્ટેટ વેટલેન્ડઓથોરીટીની સ્થાપના થઈ જે અંતર્ગત ગુજરાતમાં પણ ગુજરાત સ્ટેટ વેટલેન્ડ ઓથોરીટીની સ્થાપના કરવામાં આવી છે. ગીર ફાઉન્ડેશન તેની નોડલ એજન્સી તરીકેની સેવાઓ આપી રહ્યું છે. આ ઓથોરિટીના કાર્યો હેઠળ સેવ વેટલેન્ડ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ગીર ફાઉન્ડેશનના આર.એસ.જી.આઈ.એસ. યુનિટ દ્વારા ૧૫,૨૦૧ વેટલેન્ડનું વેલીડેશન કરવામાં આવ્યું છે. ઉપરાંત, ગીર ફાઉન્ડેશન ૪૫૮ વેટલેન્ડ હેલ્થ રિપોર્ટ કાર્ડ બનાવ્યા. ૨૦૦૦થી પણ વધુ વેટલેન્ડ મિત્રોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું. મિશન લાઈફ પહેલ અંતર્ગત ૨૨૦ જેટલા વેટલેન્ડને લગતા કાર્યક્રમ કરવામાં આવ્યા. ઉપરાંત સેવ વેટલેન્ડ અંતર્ગત ગીર ફાઉન્ડેશને આઠ જેટલા ર્ે પણ કર્યા છે. ગીર ફાઉન્ડેશને ગુજરાતની ચાર રામસર સાઈટનું કાર્બન સંગ્રહ આકારણીનો અભ્યાસ પણ કર્યો છે. ગીર ફાઉન્ડેશન દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રાથમિક નોલેજ પાર્ટનર પણ છે. ગીર ફાઉન્ડેશનને રાજસ્થાન, ગોવા, તેલંગાણા, આસામ, મેઘાલય તથા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ ખાતે વિવિધ તાલીમ અને કાર્યશાળાઓ યોજીને વેટલેન્ડ સંદર્ભે નાગરિકોને માહિતગાર કર્યા છે.**

આ ઉપરાંત ગુજરાતમાં બીજી ઘણી મહત્વની વેટલેન્ડ્સ છે, જે જૈવવિવિધતાના દૃષ્ટિકોણથી સમૃદ્ધ છે જેમાં પોરબંદર જિલ્લામાં ગોસાબારા-મોકર સાગર, બરડાસાગર, અમીપુર ડેમ, ઝવેર-કુછડી વેટલેન્ડ, મેઢા ક્રીક, સુરેન્દ્રનગર જિલ્લામાં નવા તળાવ/સાવડા, ભાસ્કરપુરા વેટલેન્ડ, વડલા વેટલેન્ડ, ભાવનગર જિલ્લામાં કુંભારવાડા, મીઠાની તપેલીઓ અને આંબલા બંધારા, ખેડા જિલ્લામાં નારદા અને પરીએજ વેટલેન્ડ, પાટણ જિલ્લામાં સિંધડા, છણોસરા અને ગરામડી વેટલેન્ડ, કચ્છના જખૌ બંધારા તેમજ દેવભૂમિ જિલ્લામાં ચરકલા વેટલેન્ડ આવેલો છે.

# વાર્ષિક ઓડિટ રિપોર્ટ માટે બિલ્ડરોને અંતિમ તક અન્યથા કાર્યવાહી થશે : 'રેરા'ની તાકીદ

અમદાવાદ, તા.૨

રાજ્ય સરકાર અંતર્ગત ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઑથોરિટીએ જાહેર કર્યું છે કે, ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઑથોરિટી સાથે જેમના પ્રોજેક્ટ્સ નોંધાયેલા છે તેવા તમામ પ્રમોટર્સને તમામ રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સ માટે ઈઈઈછ એક્ટ હેઠળ ફોર્મ-૫ (વાર્ષિક ઑડિટ રિપોર્ટ) ભરવું ફરજિયાત છે.




યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રોજેક્ટ્સ માટે ફોર્મ-૫ ભરવામાં કસૂર કરનારા પ્રમોટર્સને માત્ર એક વખત વધારાની તક મળી રહે તે હેતુથી ખાસ કિસ્સામાં, ગુજરેરા દ્વારા આવા પ્રમોટર્સને તમામ બાકી રહેલા ફોર્મ-૫, આગામી ૩૧મી માર્ચ, ૨૦૨૫ સુધીમાં ઓર્ડર નંબર-૧૦૨થી નિયત થયેલી જોગવાઈ મુજબ વન ટાઈમ સેટલમેન્ટ સ્કિમ હેઠળ અપલોડ કરવાની મંજૂરી આપવામાં આવેલી છે.

ઉપરોક્ત જોગવાઈઓ તથા સમયમર્યાદાનું પાલન નહીં કરે તેવા પ્રમોટર્સ ઈઈઈછ એક્ટ હેઠળ બનાવેલા નિયમો અને વિનિયમો અનુસાર કાયદાકીય/દંડકીય કાર્યવાહીને પાત્ર રહેશે.

આવી કાર્યવાહીના ભાગરૂપે પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઈઈઈછ બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરવામાં આવી શકે છે.

આથી ભારે દંડાત્મક કાર્યવાહીથી બચવા માટે ઉક્ત સમયમર્યાદા તથા કાયદાકીય જોગવાઈઓનું ફરજિયાત પાલન કરવા ગુજરેરા દ્વારા તમામ પ્રમોટર્સને જણાવવામાં આવે છે.

# ગુજરાતના ૬૮ IAS અધિકારીઓની બદલીના આદેશ; અમદાવાદ અને ભાવનગર મનપાના કમિશનર બદલાયા

રાજ્ય સરકાર દ્વારા કુલ ૨૦ IAS અધિકારીઓની બદલીઓના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં વાત કરીએ તો અમદાવાદમાં નવા મ્યુનિસપલ કોર્પોરેશનના કમિશ્નર બિંછાનિધી પાની બન્યા છે.

ગુજરાતના ૬૮ IAS અધિકારીઓની બદલીના આદેશ; અમદાવાદ અને ભાવનગર મનપાના કમિશનર બદલાયા

**IAS Officers Transfer:** ગુજરાતમાં વધુ એક બદલીના આદેશ અપાયા છે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૬૮ IAS અધિકારીઓની બદલીઓના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં વાત કરીએ તો અમદાવાદમાં નવા મ્યુનિસપલ કોર્પોરેશનના કમિશ્નર




બિંછાનિધી પાની બન્યા છે.

ગુજરાતના 68 IASની બદલી, રાજ્યના 4 IAS અધિકારીઓને પ્રમોશન અપાયા છે. બીજી બાજુ અમદાવાદ મનપાના કમિશ્નર બનાવાયા છે.

જી હા.. અમદાવાદના નના મનપા કમિશ્નર બંછાનીધી પાનીને બનાવવામાં આવ્યા છે, જ્યારે અવંતિકા સિંઘને GACLના એમડીનો વધારાનો ચાર્જ સોંપાયો છે. એટલું જ નહીં, બીજા અનેક ધરખમ ફેરફાર કરાયા છે.

રાજ્યના 4 IAS અધિકારીઓને પણ પ્રમોશન અપાયું છે.

પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે પ્રમોશન અપાયું છે. જેમાં વિનોદ રાવ, એમ થેંનારસન, અનુપમ આનંદ અને મિલિંદ તોરવણેને પ્રમોશન અપાયું છે.

આઈએએસ અધિકારીઓની બદલી અને બઢતીમાં મુખ્ય સચિવની નિવૃત્તિ પછી ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. પી સ્વરૂપ કમિશ્નર લેન્ડ રીફોર્મસમાંથી કમિશનર ઈન્ડસ્ટ્રીઝ તરીકે બદલી, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘને ગુજરાત આલ્કલાઈનની એમડી તરીકે વધારાનો ચાર્જ સોંપાયો છે.

સરસ્વતી સાધનામાં સાયકલ ભંગાર થવાના મામલે કોટેજ ઈન્ડસ્ટ્રિઝના કમિશ્નર પ્રવિણ સોલંકી સાઈડલાઈન કરાયા છે. પ્રવિણ સોલંકીને મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટના ડિજી તરીકે મુકાયા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ આજે કોઈ સ્વજનની વાતથી દિલ દુખાશે અને મનોમન ઘણી તકલીફ થવાની છે. કામને લઈને મન ઘણુ ખિન્ન રહેવાનુ છે.**

**વૃષભઃ વૃષભ ઘરમાં ઉત્સવ જેવો માહોલ રહેશે, તમે પોતાની સફળતા પર ઘણા ખુશ રહેશો તો મહેમાનોના આવવાથી ઘરમાં કામ પણ વધુ રહેશે.**

**મિથુનઃ કોઈની કહેલી વાતની દિલ દિમાગ પર અસર રહેશે, મનોમન તમે કોઈને પસંદ પણ કરવા લાગશો. કામ પર ફોકસ કરો, સફળતા જરૂર મળશે.**

**કર્ક કામને લઈને આજે સહયોગીઓ સાથે ઝડપ થઈ શકે છે માટે વાણી પર કંટ્રોલ રાખો અને સકારાત્મક રહેવાની કોશિશ કરો.**

**સિંહ કોઈની વાત તમને દુઃખી-પરેશાન કરી શકે છે માટે લોકોની વાતોને ઈગ્નોર કરવાનુ શીખો કારણકે લોકોની કડવી વાતો માત્ર દુઃખ જ આપે છે.**

**કન્યા તમારા ઘરે આજે કોઈ નવુ મહેમાન આવી શકે છે. અપરિણીતોના લગ્નની વાત થઈ શકે છે. વળી, ઘરની સજાવટ માટે તમે અમુક શોપિંગ કરી શકો છો.**

**તુલા કામ અને ઘરના લોકોને લઈને તમે ખિન્ન રહી શકો છો. મન ઘણુ દુઃખી રહેશે અને માટે તમે નિરાશ અને હતાશ પણ રહેવાના છો.**

**વૃશ્ચિક આજે બાળકો સાથે સમય પસાર કરશો, કોઈ પણ વસ્તુને લઈને તમે પ્લાનિંગ પણ કરી શકો છો. તહેવારની સિઝન છે માટે પરિવાર પર ખર્ચો પણ કરી શકો છો.**

**ધન આજે પ્રેમી-પ્રેમિકાઓનો દિવસ છે. આજે પ્રેમથી દિવસ પસાર કરો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરો. સારી બિઝનેસ ડીલ થઈ શકે છે.**

**મકર આજે તમે ખુદને સમય આપો, તમારા આરામની જરૂર છે. પતિ-પત્ની પણ સાથે સમય પસાર કરે આનાથી બંનેને ખુશી મળશે.**

**કુંભ ઘરમાં કામ કરાવી શકો છો. સજાવટની વસ્તુઓ પર આજે પૈસા ખર્ચ થવાના છે. બહાર જવાનુ પણ પ્લાનિંગ તમે કરી શકો છો.**

**મીન તબિયત પર મોસમની અસર જોવા મળી શકે છે. પોતાનુ ધ્યાન રાખો. આજે જૂના દોસ્ત સાથે મુલાકાત થશે જેનાથી દિલ ખુશ થશે.**

## ફિલ્મી ગપશપ

### CIDના દયા-અભિજીતનો નવો અવતાર દેખાશે સસ્પેન્સ-થ્રિલર ફિલ્મમાં ટ્વિસ્ટ લઈ એકસાથે પડદા પર આવશે, દયાનંદ શેટ્ટીએ ફિલ્મ પ્રોડ્યૂસ કરી છે



ટીવી ઈન્ડસ્ટ્રીના ફેમસ ઈન્સ્પેક્ટર દયા (દયાનંદ શેટ્ટી) અને અભિજીત (આદિત્ય શ્રીવાસ્તવ) હવે ફિલ્મ 'હેલો નોક નોક - કૌન હૈ?'માં સાથે જોવા મળશે. આ ફિલ્મને દયાનંદ શેટ્ટી પણ પ્રોડ્યૂસ કરી રહ્યા છે.

દિવ્ય ભાસ્કર સાથેની વાતચીત દરમિયાન દયાનંદે કહ્યું, 'શરૂઆતમાં પ્રબલ સર (ડિરેક્ટર પ્રબલ બરુઆ) આ ફિલ્મ માટે મોટા પ્રોડ્યૂસરની શોધમાં હતા, પરંતુ વસ્તુઓ તેમની યોજના મુજબ થઈ શકી નહીં. લગભગ એક વર્ષ પછી અમે ફરી મળ્યા ત્યારે મેં તેમને આ ફિલ્મ વિશે પૂછ્યું. તે સમયે તેણે બીજા પ્રોડ્યૂસરનો ઉમેરો કર્યો હતો, પરંતુ તેણે અધવચ્ચે જ પીછેહઠ કરી હતી. પછી અમે એક મહિના સુધી જરૂરી પેપરવર્ક કર્યું અને આખરે મેં જાતે જ પ્રોડ્યૂસ કરવાનું નક્કી કર્યું.

આ ફિલ્મ એક બંધ ઓરડાના રહસ્ય પર આધારિત છે, જે ખૂબ જ રસપ્રદ અને અનોખી છે. તેમાં સસ્પેન્સ, થ્રિલ અને ટ્વિસ્ટ છે, જે દર્શકોને એક અલગ અનુભવ આપશે.

આદિત્યએ આગળ કહ્યું, આ ખૂબ જ રસપ્રદ પ્રોજેક્ટ છે, જેનું નિર્માણ દયાનંદ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં અમે બંને સંપૂર્ણપણે અલગ અવતારમાં જોવા મળીશું. દર્શકો હંમેશા અમને પોલીસ અધિકારી તરીકે જોવાની ટેવ પાડે છે, પરંતુ આ વખતે તેઓ અમારી નવી શૈલી જોવા મળશે. આ ફિલ્મ મારા માટે પણ ખાસ છે. અમને ખાતરી છે કે દર્શકોને આ પરિવર્તન ગમશે અને આ નવી સફરનો આનંદ માણશે. ફિલ્મના લેખક અને નિર્દેશક પ્રબલ બરુઆ છે. તેણે ઊૈંઢ સહિત ઘણા ટીવી શો અને ફિલ્મોમાં કામ કર્યું છે.

દયાનંદ શેટ્ટીએ 'સિંઘમ રિટર્ન્સ', 'જોની ગદ્દાર', 'શિવા' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. આદિત્ય શ્રીવાસ્તવે 'સત્યા', 'ગુલાલ', 'લક્ષ્ય', 'પાંચ', 'બ્લેક ફ્રાઈડે', 'કાલો', 'સુપર ૩૦' જેવી ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી છે.

## ‘ભણતર અને ગણતરનો મિલાપ એટલે જ્ઞાનોત્સવ’

# સીવીએમ યુનિવર્સિટી આયોજીત જ્ઞાનોત્સવ ૩.૦ના બીજા દિવસે મુલાકાતીઓનું ઘોડાપુર ઉમટ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ચારુતર વિદ્યા મંડળ યુનિવર્સિટીના જ્ઞાનોત્સવ ૩.૦ ના શરૂઆતી બે દિવસ માં ૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતા એ મુલાકાત લીધી. વૈવિધ્યપૂર્ણ આ કાર્યક્રમમાં વિવિધ સ્ટાર્ટપ્સ રજૂ કરવામાં આવ્યા છે. પ્રકૃતિ પ્રેમી યુવાનો દ્વારા વિવિધ ક્ષેત્રનાં ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ, આયુર્વેદિક પ્રોડક્ટ્સ તેમજ ઈનોવેટીવ પ્રોડક્ટ્સ રજુ કરવામાં આવ્યા છે. ઉપરાંત, યુવાનોમાં ચાલી રહેલા સેલ્ફી ટ્રેન્ડને જોતા પ્રખ્યાત સિરીયલ ×ફ્રેન્ડસ× તથા ×હેરી પોર્ટર× ની થીમ સાથે સેલ્ફી પોઈંટ પણ મુકવામાં આવ્યા છે. જેમાં યુવાનો ફોટોગ્રાફ અને સેલ્ફી લઈને સોશિયલ મિડીયા પર અપલોડ કરતા જોવા મળ્યા હતા.





જ્ઞાનોત્સવ ૩.૦ ના બીજા દિવસે આઈસ્ટાર કોલેજના વિધાર્થીઓ અને ફેકલ્ટીઓ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ×અગ્નિશામક× વિશે માહિતી આપવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આગ આપત્તિમાંથી બચાવ કરવાની પદ્ધતિઓ વિશે જાગૃત કરવાનો હતો. તેમજ અગ્નિશામક ઉપકરણોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ પણ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ફાયર સેફ્ટીના નિષ્ણાતો દ્વારા આગના કારણો, તેના જોખમો અને આગ લાગે ત્યારે શું કરવું જોઈએ તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.જ્ઞાનોત્સવ ૩.૦ માં યુનિવર્સિટીના સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા આકર્ષક અને અવનવા પ્રદર્શનો, વર્કશોપ તેમ જ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાનોત્સવના પ્રથમ બે દિવસમાં મુલાકાતીઓનો મોટી સંખ્યામાં પ્રતિસાદ જોવા મળ્યો હતો.

સી.વી.એમ. યુનિવર્સિટીના વિજ્ઞાન, એન્જિનિયરિંગ, ફાર્મસી, આર્કિટેકચર, બાયોટેકનોલોજી, સાયકોલોજી અને ગણિતના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્કિંગ અને નોન-વર્કિંગ મોડલ્સનો સમાવેશ થાય છે. જ્ઞાનોત્સવના એક્ઝિબિશન ઝોનમાં ૮૭થી વધુ મોડલ સામેલ છે. આ ઝોનમાં કુલ ૫૩ વર્કિંગ મોડલ અને ૩૪ નોન-વર્કિંગ મોડલ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

વિશેષમાં છર્દ્રૈ ની આઈ. ટી ડિપાર્ટમેન્ટની વિદ્યાર્થીનીઓએ સ્માર્ટ હેલ્મેટ પ્રોટોટાઈપ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. સ્માર્ટ હેલ્મેટ સેન્સર દ્વારા વાહન ચાલકે આલ્કોહોલનું સેવન કર્યું છે કે નહીં તેને ડિટેક્ટ કરે છે. સ્માર્ટ હેલ્મેટ તેમાં લગાવેલ સેન્સર દ્વારા હેલ્મેટ પહેરનાર વાહન ચાલકે આલ્કોહોલનું સેવન કર્યું હશે તો આલ્કોહોલની સ્મેલથી જ મશીન દ્વારા ટ્રાન્સમિટર સિગ્નલ આપી રીસીવરને મેસેજ મોકલશે. જેનાથી મોટર આપમેળે જ બંધ થઈ જશે. સાથે જ સ્માર્ટ હેલ્મેટ એવુ ફીચર છે જેથી વાહન ચાલકે જ્યાં સુધી હેલ્મેટ પહેર્યું ન હોય ત્યાં સુધી વાહન ચાલુ નહીં થાય. સ્નેહા સરવૈયા, આયુષી ચૌહાણ અને પ્રેક્ષા પટેલે પ્રોફેસર વિમલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ રૂપિયા ૧,૨૦૦ જેટલા નજીવા ખર્ચે આ પ્રોટોટાઈપ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે.

જ્ઞાનોત્સવ ૩.૦ માં શાળાના વિદ્યાર્થીઓ તથા મુલાકાતીને કાનૂની કાર્યવાહીથી માહિતગાર કરવા માટે આર.એન. પટેલ લૉ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મૂટ કોર્ટનું આયોજન કરવામાં આવ્યુ છે. એ વાસ્તવિક કોર્ટ અને તેની કામગીરીની પ્રતિકૃતિ છે. વાસ્તવમાં અદાલતો કેવી હોય છે અને કેવી રીતે કાર્ય કરે છે તે જાણવા માટે આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. આમાં તેઓ નાટ્યાત્મક રીતે કેસ ચલાવે છે. સાથે જ કાનૂની સહાયમાં ઁન્ફ (પેરા લીગલ વોલેન્ટીયર્સ) વિદ્યાર્થીઓ દ્વારા લોકોને કાનૂની સલાહની સહાય પણ પૂરી પાડવામાં આવે છે. જેમાં કાનૂની અધિકારોને પ્રતિસાદ કઈ રીતે આપવો તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

### ફાઇન આર્ટ્સ કોલેજ તરફથી અવનવી પેઇન્ટિંગસના કલેક્શનનું આહલાદક નજરાણું બતાવવામાં આવ્યું છે

**જેમા વિદ્યાર્થીઓ અને કલાકારોની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. કંટેમ્પરરી આર્ટ, ગ્રાફિક્સ, સ્કલ્પ્ચર મુલાકાતીઓ માટે આકર્ષણ મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. આ કલેક્શનમાં હનુમાન અને ભગવાન શિવના ચિત્રો મુલાકાતીઓને વધુ પ્રભાવિત કરી રહ્યાં છે. આ કાર્યક્રમના પ્રથમ દિવસના અંતે કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અનેક કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં સિંગિંગ અને ડાન્સિંગ મનોરંજનનું કેન્દ્રબિંદુ બન્યા હતા. આ મેગા-ઇવેન્ટ જાહેર જનતા તથા વિદ્યાર્થીઓ માટે ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ થી તારીખ ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી શાસ્ત્રી મેદાનમાં સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૦૭:૩૦ કલાક સુધી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ.**

## વ્યાપાર કે નોકરી અથવા પ્રોફેશનલ કારણોથી અન્યત્ર મિલ્કત વસાવીને રહેતા કરદાતા માટે મોટી સુવિધાઃ ૧ એપ્રિલ - ૨૦૨૫થી લાગુ

# હવે કરદાતાને બીજી સેલ્ફ ઓક્યુપાઇડ મિલ્કતમાં પણ વાર્ષિક વેલ્યુ વધારાનો લાભ કર ગણતરીમાં ‘નીલ’ ગણાશે

નવી દિલ્હી, તા.૨

નાણામંત્રી નિર્મલા સિતારામને વ્યાપાર કે નોકરી માટે એક શહેરમાંથી બીજા શહેરમાં જતા લાખો લોકો માટે તેમની મીલ્કતોના વાર્ષિક કિંમત વધારામાં મોટી રાહત આપી છે અત્યાર સુધી સીધા કરવેરાના નિયમ મુજબ કોઈપણ ટેક્સ પેયર પોતાની વ્યકિતગત માલિકીની અને તેમાં જે ખુદ જે રહેતા હોય તે એક મીલ્કત માટે નીલ વાર્ષિક વેલ્યુએશન માન્ય ગણાતું હતું.પરંતુ હવે તે બીજી મીલ્કત માટે પણ માન્ય ગણાય છે. જો કે તેમાં ચોક્કસ શરતો લાદવામાં આવી છે. બજેટમાં આ માટે ઈક્મટેક્સ એક્ટની કલમ ૨ની પેટા કલમ ૨ ૩માં સુધારો આવ્યો છે જેમાં રેસીડેન્સ કે મીલ્કત ધારક જે વ્યાપાર અને નોકરી કે અન્ય પ્રોફેશનલ કારણે અન્ય સ્થળે ટ્રાન્સફર થતાં હોય તો આ પ્રકારના કેસમાં તેની બે મિલ્કતોને વાર્ષિક મૂલ્યાંકન વધારામાં ‘નીલ’નો લાભ મલશે.



એટલે કે બીજી મીલ્કતનો જે વેલ્યુએશન વધારો થયો છે તેના પર તેને આવકવેરામાં રાહત મળશે. પોતાની પ્રથમ એક મિલ્કતમાં અન્યત્ર વસવાટને કારણે જે લાભ મેળવાતો નથી તે હવે બીજી મીલ્કતમાં પણ આ લાભ મેળવી શકશે. આ જોગવાઈ ૧-એપ્રિલ-૨૦૨૫થી અને ૨૦૨૫-૨૬ અને ત્યારબાદના એસેસમેન્ટમાં તે લાગુ રહેશે.

## સજાને બદલે દંડ કરવાનો રસ્તો શોધાશે : જડ નિયમો સરળ બનાવાશે

# ૧૦૦થી વધુ આકરા કાયદા હળવા કરવા ‘જન વિશ્વાસ બિલ’ લાવતી કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા. ૨

દેશમાં જુદા જુદા નિયમો અને કાયદાના ભંગ હેઠળ અપરાધીથી માંડી વેપારીઓ સામે કડક પગલા અને સજાની જોગવાઈઓ રહેલી છે. પરંતુ અતિરેક જેવા અને હળવા કરવાની જરૂરીયાત હોય તેવા ૧૦૦થી વધુ કાયદા સરકાર હળવા બનાવવા જઈ રહી છે.

આજે કેન્દ્ર સરકારે રજુ કરેલા બજેટમાં ‘જનવિશ્વાસ બીલ’ લાવવાની જાહેરાત કરવામાં આવી છે. તે અંતર્ગત ૧૦૦ જેટલા કાયદાની જોગવાઈઓ હળવી કરી શકાશે. ઈક્મટેક્સ, જુદા જુદા વેપારીઓને લગતા કરના નિયમો, જીએસટી, પોલીસ કેસને લગતા કાયદા હેઠળ હાલ અપરાધીથી માંડી વેપારીઓને પણ ભારે દંડ-સજા જેવી જોગવાઈ હોય, અવારનવાર આવા ચુકાદા આપવામા આવે છે.




હવે દરેક એક્ટ, કાયદામાં સજાની જોગવાઈ ખુબ હળવી કરવા વિચાર મૂકાયો છે. અનેક કેસમાં જેલ સજા કરવામાં આવે છે. પરંતુ ૧૦૦ જેટલા કાયદામાં સજાને બદલે દંડ જેવી જોગવાઈ દાખલ કરવા હવે મંત્રાલયો કવાયત હાથ પર લેશે.

# સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો ભક્તિમાં આનંદ છે, પણ મનુષ્ય શરીરથી ભક્તિ કરે છે, મનથી ભક્તિ કરતો નથી.વાણી ભગવાન ના નામનો ઉચ્ચાર કરે, પણ મન ભગવાનનું સ્મરણ ન કરે તેનો કાંઈ અર્થ નથી. મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં. સેવામાં ક્રિયા મુખ્ય નથી,ભાવ મુખ્ય છે.સેવા ક્રિયામાં નથી, ભાવનામાં છે. સર્વ વિષયને મનમાંથી હટાવે તો સેવામાં આનંદ આવશે.

સેવા કરવા બેસો ત્યારે પ્રથમ એવી જ ભાવના કરો કે, સેવા કરવા છતાં પણ ભગવાનનાં દર્શન ન થાય તો આપણો જ દોષ. સેવા કરનારને સેવા કરી રહ્યા પછીમારું દુઃખ ગયું,મારું પાપ ગયું,મારું દરિદ્ર ગયું, હું કૃતાર્થ થયો, એવી જ ભાવના થવી જોઇએ. સેવા કર્યા પછી આ ભાવ ન થાય તો સેવા પૂજામાં આનંદ મળતો નથી. લોકો સમજે છે કે ભક્તિ માર્ગ તદ્દન સહેલો છે.હા,સહેલો છે, ને અઘરો પણ છે.સવારમાં ભગવાન ની પૂજામાં બેસવું સહેલું છે,પણ ઈશ્વરને આખો દિવસ માટે ભૂલી જવો એ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભક્તિ.એઅઘરું છે.

પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે, તો વિષયનો પ્રેમ છોડવો પડશે. જગતનો સંબંધ મનથી ન છોડો ત્યાં સુધી બ્રહ્મસંબંધ થતો નથી.

ધીરે ધીરે સંસારના વિષયોનો મોહ છોડી દેજો. સંસારને છોડીને ક્યાં જશો?સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરૂર છે.ધીરે ધીરે સંયમને વધારો વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવા માં ધ્યાનમાંઅનેરો આનંદ આવશે

એક વખત એક ચોબાજી મથુરા થી ગોકુળ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડી વાટે જવાનુંહતું ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસાં મારવા લાગ્યા.બાહુબળ ઉપર પૂર્ણ વિશ્વાસ,બોલવા લાગ્યા,નાવ અભી પહુંચ જાયગી.અભી ગોકુળ આ જાયગા! ચોબાજીએ આખી રાત નાવ ચલાવી. સવાર પડયું. ચોબાજી વિચારવા લાગ્યા, આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું? કોઈને પૂછ્યું, આ કયું ગામ? ઉત્તર મળ્યો, મથુરા. નશો ઊતર્યો ત્યારે ચોબાજીને પોતાની મૂર્ખતા સમજાઈ.નાવ દોરીથી ઘાટ સાથે બાંધેલી હતી.નશાની અસર માં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા.આખીરાત નાવ ચલાવી પણ હતા ત્યાંના ત્યાં!તમને હસાવવા માટે કહેતો નથી. આ કથા ચોબાજીની નથી, આપણા સર્વની છે. ઈન્દ્રિયસુખનો નશો દરેકને ચડેલો છે.પૈસાના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે. નશામાં ને નશામાં ઠાકોરજીના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી, તેને તેથી ભગવાનના દર્શનમાં આનંદ આવતો નથી.આ વાસના રૂપી દોરીથી વિષયોમાં બંધાયેલી ઈન્દ્રિયોને છોડાવવાની છે. વાસના દોરીને ન છોડો ત્યાં સુધી આગળ વધાતું નથી. વાસના રૂપે દોરીની જીવની ગાંઠ આ સંસાર સાથે બંધાયેલી છે, તે છોડવાની છે.

હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ.વૈરાગ્યની ભક્તિ રડે છે,ભોગ ભક્તિમાં બાધક છે.સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે,તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય.

જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને શેય એક બને છે.સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે,ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે.તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું.એમ કહી શકતો નથી કે,હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવા પણું રહેતું નથી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવ ભાવ ભૂલી ગઈ હતી લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપી ઓનો મનોભાવ છે.આ શુદ્ધ અદ્વૈત છે.ત્યાં હું નથી કે તું નથી. હું કે તુંનું અસ્તિત્વ જ રહેતું નથી.

શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી.સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે.

જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય. આનું નામ અદ્વૈતનું જ્ઞાન. જીવ અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે.તે પહેલાં જીવ અને ગુરુ નું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ. મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે.

શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે,તેના થી ઘાટ ઘડી શકાય નહીં.ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાત્મા પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી જીવને માયા બાધક થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે ઠાકોરજીનો અવતાર તમારા ઘર માં થવો જોઈએ,મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે, અને એ જ મંદિર છે.

પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે. કોઈ પણ ધર્મમાં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃ કરણ શુદ્ધ થાય છે.પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય.

બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર.આહ એટલે શ્રેષ્ઠ દિવસ જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો,એ વરાહનું અવતારનું રહસ્ય છે.

ત્રીજો અવતાર નારદજીનો.એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે,તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે,પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દઢ થાય નહીં.ભક્તિ સાથે જ્ઞાન-વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કપિલદેવનો એટલેકે જ્ઞાન-વૈરાગ્ય નો ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય સાથેહશે તો કાયમને માટે રહેશે.

છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચગુણો બ્રહ્મચર્ય,સંતોષ,ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે તો તમે ગુણાતીત થશો. તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે આ છ અવતારો બ્રાહ્મણ માટેના તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે.સાતમો અવતાર પક્ષનો, આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો,દસમો મત્સર નારાયણનો. આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે. તે ક્ષાત્રધર્મનો આદર્શ બતાવે છે.અગિયારમો અવતાર કૂર્મનો.

બારમો અવતાર ધન્વંતરીનો,તેરમો અવતાર મોહિની નારાયણનો.આ અવતાર વૈશ્ય માટેના છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં આજથી બાયોમેટ્રિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો છે

# ગાંધીનગર સચિવાલયમાં કર્મચારીઓનો વિરોધ:બાયોમેટ્રિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ, કર્મચારીઓએ જૂની પદ્ધતિથી હાજરી પૂરી






(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨

ગાંધીનગર સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં આજથી બાયોમેટ્રિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, પરંતુ કર્મચારીઓએ આ નવી વ્યવસ્થાનો વિરોધ કરીને પરંપરાગત મસ્ટર પદ્ધતિથી જ હાજરી નોંધાવી છે.

સામાન્ય વહીવટ વિભાગે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરેલા પરિપત્ર મુજબ, સચિવાલય સંકુલના તમામ વિભાગો, કર્મયોગી ભવન, ઉદ્યોગ ભવન અને કલેક્ટર-DDO કચેરીમાં ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે, આ નિર્ણય એકતરફી રીતે લેવામાં આવ્યો હોવાનું કર્મચારી મંડળોનું કહેવું છે.ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના ભરતભાઈ ચૌધરીએ જણાવ્યા મુજબ, નવી સિસ્ટમમાં અંગત મોબાઈલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડે છે, જે કર્મચારીઓની ગોપનીયતા માટે જોખમરૂપ છે. આધાર લિંકિંગ અને લોકેશન એક્સેસ જેવી માંગણીઓ કર્મચારીઓની પ્રા?વસીને અસર કરે છે. કર્મચારી મંડળોએ મુખ્યમંત્રીને પણ આ મુદ્દે રજૂઆત કરી છે.કર્મચારીઓનું કહેવું છે કે તેઓ કચેરી સમય બાદ પણ મોડે સુધી રોકાઈને રાજ્યના વિકાસમાં યોગદાન આપે છે, પરંતુ આવા એકતરફી નિર્ણયોથી તેમનો ઉત્સાહ ઘટે છે. મહામંડળે જણાવ્યું છે કે જુદા જુદા કર્મચારી મંડળો સાથે પરામર્શ કરીને આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

## પાલનપુર શહેરમાં આવેલી ઘી ફેક્ટરીમાં ફૂડ વિભાગની રેડ

# ઘુમર બ્રાન્ડના નામે બનતો ૧૮૦ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો સીલ, રૂા. ૧ લાખથી વધુનો માલ જપ્ત

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

પાલનપુરના ચંડીસર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી શ્રી સેલ્સ નામની ઘી ઉત્પાદન કરતી ફેક્ટરીમાં બનાસકાંઠા જિલ્લા ફૂડ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. ફૂડ સેફ્ટી ઓફિસર એમ.એલ. ગુર્જરની આગેવાનીમાં થયેલી તપાસમાં પ્લોટ નંબર ૨૩૮માં આવેલી આ ફેક્ટરીમાંથી શંકાસ્પદ ગુણવત્તાવાળા ઘીનો જથ્થો મળી આવ્યો હતો.



ફેક્ટરીના માલિક દિનેશભાઈ ઈશ્વરભાઈ મહેસુરિયા પાસેથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ ઘીના નમૂના લેવામાં આવ્યા છે, જેને વધુ તપાસ માટે ફૂડ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તપાસ દરમિયાન અંદાજે રૂ. ૧,૦૩,૮૨૦ની કિંમતનો ૧૮૦ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો સીલ કરવામાં આવ્યો છે.

તપાસમાં બહાર આવ્યું છે કે આ ફેક્ટરી 'ઘુમર' બ્રાન્ડ નામથી ગાય અને ભેંસનું ઘી બનાવીને વિવિધ રાજ્યોમાં તેનું વેચાણ કરતી હતી. ફૂડ વિભાગે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને લેબોરેટરી રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## વસંત પંચમીએ કોટેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય ઉજવણી

# સરસ્વતી નદી કિનારે મા શારદાની પૂજા-અર્ચના, હજારો ભક્તની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

બનાસકાંઠાના દાંતા તાલુકામાં આવેલા કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે વસંત પંચમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અંબાજી શક્તિપીઠ નજીક પહાડોની વચ્ચે આવેલા આ પ્રાચીન અને પૌરાણિક મંદિરમાં સરસ્વતી માતાજીના પ્રાગટ્ય દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી.સરસ્વતી નદીના કિનારે આવેલી ગુફામાં સ્થિત સરસ્વતી માતાજીના મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચના કરવામાં આવી. ગુજરાતમાં સરસ્વતી નદીના કાંઠે આવેલું આ એકમાત્ર સરસ્વતી માતાનું મંદિર છે. મહારાજ દ્વારા કરવામાં આવેલી પૂજા-આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો, સ્થાનિક લોકો અને બાળકોએ ભાગ લીધો હતો.ખાસ નોંધનીય છે કે



સરસ્વતી નદી એક ગુપ્ત નદી તરીકે જાણીતી છે, જે અલગ-અલગ ૬૦ જગ્યાએથી નીકળે છે. આ નદીની વિશેષતા એ છે કે તે સમુદ્રમાં મળતી નથી, જેના કારણે તેને 'કુવારીકા નદી' તરીકે પણ ઓળખવામાં આવે છે. વસંત પંચમીના પાવન અવસરે ગાંધીનગર નજીકની શાળાના બાળકોએ પણ સરસ્વતી નદીનું પૂજન કર્યું હતું.

આ પ્રસંગે સરસ્વતી માતાજીની મૂર્તિની વિશેષ પૂજા ઉપરાંત નદીનું પણ પૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું હતું અને વસંત પંચમીની ઉજવણી ધામધૂમથી સંપન્ન થઈ હતી.

## આ રીતે ભણશે ગુજરાત...પાટણમાંથી સરકારી યોજનાઓમાં કોની કટકી?

# વિદ્યાર્થિનીઓને આપવાની સાયકલો લાંબા સમયથી કચેરીના એક ઓરડામાં 'ધૂળ' ખાતી પડી રહી છે

**શહેરમાં જૂની પીટીસી કોલેજની બાજુમાં આવેલી પ્રાથમિક તાલુકા શિક્ષણ અધિકારીની કચેરીમાં એક ગંભીર બાબત પ્રકાશમાં આવી છે**

(ગરવી તાકાત) પાટણ તા.૨

ભણશે ગુજરાત...આ સૂત્રને સિદ્ધ કરવા માટે સરકાર અથાગ પ્રયાસ કરી રહી છે. પરંતુ, સવાલ એ છેકે, સરકારના આ પ્રયાસનું પરિણામ શું મળી રહ્યું છે, અસંખ્ય એવી ઘટનાઓ સામે આવી જ્યાં વિદ્યાર્થીઓને મળવા પાત્ર મળતી સરકારી સહાયની હાલત બદથી બદતર છે.. પાટણમાંથી કંઈક આ પ્રકારના જ દ્રશ્યો સામે આવ્યા.. જ્યાં સરકાર દ્વારા આપવામાં આવતી સાયકલો અને પુસ્તકોની પરિસ્થિતિ દયનીય છે.




આને દશા કહો કે, દુર્દશા પરંતુ, સરકારી યોજનાઓની હાલત કંઈક આવી છે. સરકારી યોજનાની દુર્દશા છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મફતમાં આપવામાં આવતા પુસ્તકોના છે તો બીજે સરકાર દ્વારા જ વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી સાયકલ યોજનાના છે. વાસ્તવિક પરિસ્થિતિ એ છેકે, હાલ બંને ધૂળ ખાઈ રહ્યા છે.

શહેરમાં જૂની પીટીસી કોલેજની બાજુમાં આવેલી પ્રાથમિક તાલુકા શિક્ષણ અધિકારીની કચેરીમાં એક ગંભીર બાબત પ્રકાશમાં આવી છે.. સરસ્વતી સાધના યોજના અંતર્ગત ગરીબ અને મધ્યમવર્ગીય વિદ્યાર્થિનીઓને આપવાની સાયકલો લાંબા સમયથી કચેરીના ઓરડામાં ધૂળ ખાતી પડી રહી છે.. લાંબા સમયથી એક જ સ્થળે પડી રહેવાને કારણે આ સાયકલોની હાલત બગડી રહી છે અને ભંગાર જેવી સ્થિતિમાં પહોંચી ગઈ છે..ન માત્ર સાયકલ જ.. અન્ય એક ઓરડામાં દયનીય હાલતમાં થોક બંધ નવા પુસ્તકો જોવા મળ્યા હતા. સરકારી શાળાના પુસ્તકો પસ્તીની હાલતમા જોવા મળ્યા હતા.. કેટલાક પુસ્તકો તો વરસાદી પાણી મા પાલડી જવા પામ્યા હતા. સરકરી શાળામાં વિતરણ કરવાનાં પુસ્તો ધૂળ ખાતા અને બિસ્માર જણાઈ આવ્યા હતા. પાટણ તાલુકા શિક્ષણાઅધિકારીની જૂની અને જર્જરિત કચેરીમાં પાટણ શહેર કોગ્રેસ દ્વારા અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી.. એક ઓરડામાં મોટી સંખ્યામાં શાળાના પુસ્તકો ધૂળ ખાતા જોવા મળ્યા હતા.આ મામલે પાટણ તાલુકા શિક્ષણા અધિકારીને પૂછતાં તેમણે ગોળ ગોળ જવાબ આપતા જણાવ્યું હતું કે સરકારી શાળા મા પુસ્તકો વિતરણ કરતા વધ્યા હતા તે પુસ્તકો ઓરડા મા મુકવામાં આવ્યા હતા જે અગામી વર્ષમાં શાળાઓમાં વિતરણ કરવામાં આવશે. ગરીબ વિદ્યાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ મળતો રહે તે માટે સરકાર પૂરતા પ્રયાસ કરી રહી છે. પરંતુ, અધિકારીઓની બેદરકારીના કારણે બેદરકારીના દ્રશ્યો સર્જાય છે.. ત્યારે આ પ્રકારની લાલિયાવાડી ક્યારે બંધ થશે તે સૌથી મોટો સવાલ છે.

## ઉમેદવારોની જાહેરાત બાદ કેટલાય શહેરોમાં કાર્યકરો નારાજ હોવાના સમાચાર મળી રહ્યા છે

# ગુજરાતમાં નગરપાલિકા અને પંચાયતની ચૂંટણી પહેલાં ભાજપ-કોંગ્રેસમાં ભડકો! ક્યા કેવું સર્જાયું છે કમઠાણ?

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨

રાજ્યમાં પાલિકા અને પંચાયતની ચૂંટણીઓ જાહેર થયા બાદ હવે ઉમેદવારોને લઈને ભાજપ અને કોંગ્રેસ પક્ષમાં કમઠાણ સર્જાયું છે. ઉમેદવારોની જાહેરાત બાદ કેટલાય શહેરોમાં કાર્યકરો નારાજ હોવાના સમાચાર મળી રહ્યા છે. નારાજગી એટલી હદ સુધી જોવા મળી રહી છે કે, રાજીનામોનો સિલસિલો પણ શરૂ થયો છે.. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે પણ આ ઉકળતો ચરૂ સામે આવ્યો.



ઉકળતા ચરૂની સૌથી પહેલાં વાત રાજકોટથી કરીએ...રાજકોટની જેતપુર પાલિકામાં ઉમેદવારી ફોર્મ ભરવાના દિવસે જ ભડકો સર્જાયો. ભાજપ દ્વારા જેતપુર પાલિકા માટે કુલ ૪૨ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યો હતો. જોકે, બે ઉમેદવારોને મેન્ડેટ આપવાનો બાકી હતો.. પરંતુ, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ સખરેલીયાના નામનું મેન્ડેટ ન આવતા ભાજપમાં વિવાદ શરૂ થયો છે.. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ ૪૨ ઉમેદવારો પૂર્વ પ્રમુખ સુરેશભાઈના સમર્થનમાં આવ્યા છે અને રાજીનામું આપી દેવાની પણ તૈયારી દર્શાવી છે.

તો બીજી તરફ સોનગઢ નગરમાં પણ ભાજપમાં વિખવાદ જોવા મળ્યો. સોનગઢ નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપમાંથી ટિકિન મળતાં જિલ્લા ભાજપ સંગઠન મંત્રી પદેથી અનિતા બેન પાટીલે રાજીનામું આપ્યું છે.. ટિકિટ ન મળવાના કારણે નારાજ થઈને જિલ્લા સંગઠન મંત્રીએ રાજીનામું આપ્યું છે..

હાલોલ નગર પાલિકામાં પણ મોટા પ્રમાણમાં ઉથલ પાથલ જોવા મળી છે. ભાજપ દ્વારા વોર્ડ નંબર ૩માંથી કોંગ્રેસના જીતેલા ઉમેદવાર સલીમ સરજોનને મેન્ટેડ આપવામાં આવ્યું છે.. છેલ્લી ઘડીએ કોંગ્રેસના ઉમેદવારને ભાજપ દ્વારા મેન્ટેડ આપતા વિવાદ સર્જાયો છે.. સાથે જ લઘુમતી બહુલ્યવાળા વોર્ડ નંબર ૫માં પણ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરને મેન્ડેટ આપી દેવામાં આવ્યા છે.. જેના કારણે ભાજપના અગ્રણીઓ નારાજ જોવા મળ્યા હતા.

જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની ૬૦ બેઠકો માટે ભાજપ દ્વારા વહેલી સવારે યાદી બહાર પાડવામાં આવી હતી. જેમાંથી ૧૩ ઉમેદવારોને રિપીટ કરવામાં આવ્યા હતા અને અન્ય પાંચ વોર્ડમાં જે ઉમેદવારો છેલ્લે શાસકમાં હતા તેની જગ્યાએ તેમના પરિવારજનોને ટિકિટ આપવામાં આવી છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા ખાનગી રહે ઉમેદવારોને ફોન કરીને ફોર્મ ભરવા માટે બોલાવી લેવામાં આવ્યા હતા અને તમામ વોર્ડમાં ઉમેદવારો એ ફોર્મ ભરીને વિજયનો આશાવાદ વ્યક્ત કર્યો હતો..

ચૂંટણીની તારીખ હવે નજીક છે. એવામાં ભાજપ અને કોંગ્રેસમાં ચાલતા વિવાદ વચ્ચે આ ઉકળતા ચરૂને શાંત કેવી રીતે કરવો તે સૌથી મોટો પડકાર છે. ત્યારે જોવું એ રહ્યું કે, ચૂંટણી પહેલાં આ વિખવાદનો અંત કેવી રીતે આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ફ્રિડમ ડે કેર સેન્ટર ધોળકા મુકામે રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ દ્વારા સ્પોર્ટસ અને ફિઝીયોથેરાપી નાં સાધન અર્પણ કાર્યક્રમ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ કેર સેન્ટર ધોળકા મુકામે તા ૦૨/૦૨/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે વસંપંચમીના પાવન પર્વનાં દીવસે રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ દ્વારા સંસ્થાનાં દિવ્યાંગ બાળકોના લાભાર્થે સ્પોર્ટસનાં તથા ફીજ્યોથેરાપીનાં સાધનોનો અર્પણ કાર્યક્રમ યોજાયો. કાર્યક્ર્મની શરૂઆત ડૉ . સુભાષ આપ્ટે (રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત), શ્રી આશુંતોષભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી ભાવિનકુમાર, શ્રી હરીશભાઈ પરમાર દ્વારા દિપ પ્રાગટય કરી તથા સંસ્થાનાં દિવ્યાંગ બાળકો દ્વારા પ્રાર્થના રજુ કરી કરવામાં આવી હતી. ઉપરોકત દરેક મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપી સંસ્થાનાં બાળકોએ સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ.સુભાષ આપ્ટે, રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ નાં શ્રી આશુતોષભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હેમંતભાઈ દ્વારા રિબન કાપી સ્પોર્ટસ રૂમ અને ફિજીયોરૂમ નું ઉદઘાટન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ગૌરંગીબેન, રાધાબેન, માસુમાંબેને આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાનાં પ્રમુખ શ્રી ભાવિન પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાનો અને વાલીગણનો આભાર વ્યકત કર્યો હતો.

## વાવ-થરાદ નવા જિલ્લાને સમર્થન

### ધરણીધર ભગવાન યુવા ચેરીટેબલ ટ્રસ્ટે નાયબ કલેક્ટર કચેરીમાં કરી રજૂઆત



(ગરવી તાકાત) વાવ તા.૨

વાવ-થરાદ નવા જિલ્લાના નિર્માણને લઈને ધરણીધર ભગવાન યુવા ચેરીટેબલ ટ્રસ્ટે નાયબ કલેક્ટર કચેરીમાં રજૂઆત કરી હતી. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ટ્રસ્ટે નવા જિલ્લાના નિર્માણને પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. વિશેષ કરીને થરાદ શહેરને જિલ્લાનું મુખ્ય મથક બનાવવાના નિર્ણયને આવકાર્યો હતો. આ રજૂઆત દ્વારા સ્થાનિક સંસ્થાઓનો નવા જિલ્લા પ્રત્યેનો સકારાત્મક અભિગમ સ્પષ્ટ થયો છે, જે આ વિસ્તારના વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

## વસંતપંચમીએ આગીયોલમાં રામદેવ પીરના મંદિરે ભવ્ય મેળો

### ૫૬ ભોગનો અન્નકૂટ ધરાયો, ૧૦૦થી વધુ શ્રદ્ધાળુની માનતા પૂર્ણ થતાં તુલાદાન કર્યું



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨

હિંમતનગરના આગીયોલ ગામે રામદેવ પીરના મંદિરે વસંત પંચમી નિમિત્તે ભવ્ય મેળો યોજાયો હતો. મંદિરમાં રામદેવ પીર ભગવાનને ૫૬ ભોગનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, જેની બપોરે વિશેષ આરતી યોજવામાં આવી હતી.

મેળામાં ૧૦૦થી વધુ વેપારીએ વિવિધ સ્ટોલ લગાવ્યા હતા, જ્યાં સ્થાનિક અને આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. ખાસ કરીને, સવારથી બપોર સુધીમાં ૧૦૦થી વધુ શ્રદ્ધાળુએ પોતાની માનતા પૂર્ણ થતાં 'રામદેવ પીર કી જય'ના જયઘોષ સાથે સાકર, પેંડા અને ગોળમાં તુલાદાન કર્યું હતું. નાના બાળકોથી માંડીને વૃદ્ધોએ પણ તુલાદાનમાં ભાગ લીધો હતો.

ગામના આગેવાનો ચિંતનભાઈ, હસમુખભાઈ અને નિમેશભાઈના જણાવ્યા મુજબ, દર વર્ષે વસંત પંચમીએ આ મંદિરે મેળો ભરાય છે, જેમાં આનંદ-ઉલ્લાસનું વાતાવરણ જોવા મળે છે. સામાન્ય રીતે આ દિવસે આશરે ૩૦૦ જેટલા શ્રદ્ધાળુ પોતાની માનતા પૂર્ણ કરે છે. ઘણા ભક્તો શ્રદ્ધાપૂર્વક ચાલતા પણ રામદેવજીના દર્શન માટે આવે છે.ઉલ્લેખનીય છે કે, આ મંદિરે ભાદરવા માસમાં નોમના દિવસે નેજા ઉત્સવની પણ ભવ્ય ઉજવણી કરવામાં આવે છે, જે આ મંદિરની વિશેષ પરંપરા છે.

Volume : 10 Issue : 302 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002